GJDH030003972019

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૮/૦૩/૨૦૧૯ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૮/૦૩/૨૦૧૯ |
| ફેસલ થયા તારીખ | ૧૩/૦૮/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ ૦૭ માસ ૦૪ દિવસ ૧૬ |

**મે. દેવગઢ બારીઆના પ્રિન્સિપાલ સિવિલ જજ (એસ. આર. વકીલ)સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, દેવગઢ બારીઆ**

**રેગ્યુલર સિવિલ સ્યુટ નંબરઃ ૨/૨૦૧૯**

**આંકઃ ૬૯**

---

**વાદી** : **(૧) શ્રીજી જવેલર્સના પ્રોપરાઇટર**
**વિપીનચંદ્ર જયંતીલાલ સોની,**
ઉ.વ.આ. પુખ્ત, ધંધોઃ વેપાર,
રહે. સુથારવાડા, પોસ્ટ ઓફીસની સામે, મુ.તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદ.

**વિ રૂ ધ્ધ**

**પ્રતિવાદી** : **(૧) રમણભાઇ નાથુભાઇ લુહાર,**
ઉ.વ.આ. પુખ્ત, ધંધોઃ ખેતી,
**(૨) શાંતાબેન રમણભાઇ લુહાર,**
ઉ.વ.આ. પુખ્ત, ધંધોઃ ખેતી,
બંને રહે. અભલોડ, લુહાર ફળીયુ, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદ.

**બાબત** : **રૂ. ૨,૩૭,૮૬૪/– વસૂલ મેળવવા બાબતે**

વાદી તરફે : વિ. વકીલશ્રી ડી. આર. ચૌહાણ

પ્રતિવાદી તરફે : વિ. વકીલશ્રી એમ. એ. સોની

## ◄॥ ઠ રા વ ॥►

**દાવાની દાદઃ–**

(૧) વાદીએ સદર દાવો દાખલ કરી દાદ માંગેલ છે કે વાદીને આ પ્રતિવાદીઓ પાસેથી સોના ચાંદના દાગીનાઓની બાકી બિલના નાણાં રૂ. ૨,૩૭,૮૬૪/– (અંકે રૂપિયા બે લાખ સાડત્રીસ હજાર આંઠસો ચોસઠ પુરા) ચુકવી આપે તેવો હુકમ કરવા અરજ ગુજારેલ છે તથા નામદાર કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી દાદ આપવા અરજ ગુજારેલ છે.

**દાવાની હકિકતઃ–**

(૨) આ કામે વાદીના દાવાની હકીકત ટુંકમાં એવી છે કે, અમો વાદી અરજીમાં જણાવેલ સરનામે કુટુંબ પરિવાર સાથે રહીએ છીએ અને દેવગઢ બારીા મુકામે શ્રીજી જવેલર્સ નામની સોના ચાંદની દુકાન ચલાવે છે અને સોના ચાંદી તથા સોના ચાંદીના દાગીનાઓની લે વેચ કરે છે. સદર અમારા દાવાના પ્રતિવાદીઓ દાવા અરજીમાં જણાવેલ સરનામે રહે છે અને તેઓ અમારી દુકાન ઉપર છેલ્લા દશ બાર વર્ષથી વેપાર કરે છે. આમ, પ્રતિવાદીઓએ અમો વાદીની સાથે ગ્રાહક તરીકેનો સંબંધ બાંધેલ હતો અને પ્રતિવાદીઓ તેમની જરૂરીયાત મુજબ અમારી દુકાનેથી ઉધામાં રકમો લઈ જતા હતા અને નાણાંની ભરપાઈ કરી જતા હતા. આમ પ્રતિવાદીઓએ અમો વાદીને વિશ્વાસમાં લીધેલ હતો. અમો વાદીના દાવાની ટૂંકમાં સાચી હકીકત એવી છે કે, આ પ્રતિવાદીઓને સોના–ચાંદીના દાગીનાઓની જરૂર ઉભી થયેલી હતી. ત્યારે અમો વાદીની દુકાન ઉપર તા. ૧૯/૦૪/૨૦૧૮ ના રોજ આવેલા અને અને જણાવેલ કે અમારે ઉધારમાં રકમ જોઈએ છીએ અને અમો એક મહિનામાં બીલની રકમ ભરી જઈશું તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલો જેથી અમો વાદીએ પ્રતિવાદીઓ ઉપર ભરોસો અને વિશ્વાસ રાખીને તેમના માંગ્યા મુંજબ અલગ અલગ તારીખમાં અલગ

અલગ બિલોથી રૂા.૨,૩૭,૮૬૪/- ના સોના ચાંદીના દાગીના વેચાણથી આપેલા છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તારીખ | બીલ નંબર | દાગીનાનું વર્ણન | દાગીનાનું વજન | વેચાણ કિંમત |
|---|---|---|---|---|---|
| (૧) | ૧૯/૦૪/૨૦૧૮ | ૬૦૫ | ચાંદીની ચુડી | ૨૦૦ ગ્રામ | રૂ. ૮,૫૦૦/- |
| | ૧૯/૦૪/૨૦૧૮ | ૬૦૫ | ચાંદીની ફેન્સી જુડો | ૭૪ ગ્રામ | રૂ. ૩,૧૫૪/- |
| | ૧૯/૦૪/૨૦૧૮ | ૬૦૫ | સોનાની ફેન્સી કડી | ૨/૪૩૦ ગ્રામ | રૂ. ૭,૯૦૦/- |
| | | | જી.એસ.ટી. ટેક્સ | રૂ. ૨૯૩+ ૨૯૩ | રૂ. ૫૮૬/- |
| | | | | કુલ રકમ | રૂ. ૨૦,૧૩૧/- |
| (૨) | ૨૦/૦૪/૨૦૧૮ | ૬૦૬ | સોનાની ચેઇન | ૧૪.૮૫૦ ગ્રામ | રૂ. ૪૮,૨૬૦/- |
| | | | જી.એસ.ટી. ટેક્સ | રૂ. ૭૨૫+ ૭૨૫ | રૂ. ૧,૪૫૦/- |
| | | | | કુલ રકમ | રૂ. ૪૯,૭૧૦/- |
| (૩) | ૨૨/૦૪/૨૦૧૮ | ૬૦૭ | ચાંદીની ચુડી નંગ -૨ | ૪૦૪ ગ્રામ | રૂ. ૧૭,૧૭૦/- |
| | ૨૨/૦૪/૨૦૧૮ | ૬૦૭ | ચાંદીના ફેનસી છડા | ૨૪૨ ગ્રામ | રૂ. ૧૦,૨૮૫/- |
| | | | જી.એસ.ટી. ટેક્સ | રૂ. ૪૧૨+ ૪૧૨ | રૂ. ૮૨૪/- |
| | | | | કુલ રકમ | રૂ. ૨૮,૨૭૯/- |
| (૪) | ૦૪/૦૫/૨૦૧૮ | ૬૧૨ | ચાંદીના છડા | ૫૦૮ ગ્રામ | રૂ. ૨૧,૫૯૦/- |
| | ૦૪/૦૫/૨૦૧૮ | ૬૧૨ | ચાંદીનું મગંળસુત્ર | ૧૦૯ ગ્રામ | રૂ. ૪,૬૩૩/- |
| | ૦૪/૦૫/૨૦૧૮ | ૬૧૨ | ચાંદીની ચુડી નંગ-૨ | ૫૦૨ ગ્રામ | રૂ. ૨૧,૩૩૫/- |
| | | | જી.એસ.ટી. ટેક્સ | રૂ. ૭૧૪+ | રૂ. ૧,૪૨૮/- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | ૭૧૪ | |
| (૫) | ૦૮/૦૫/૨૦૧૮ | ૬૧૪ | સોનાનું લોકીટ | ૧૬.૯૯૦ ગ્રામ | રૂ. ૫૫,૨૧૮/– |
| | ૦૮/૦૫/૨૦૧૮ | ૬૧૪ | ચાંદીના બે સેરી છડા | ૩૦૪ ગ્રામ | રૂ. ૧૨,૯૨૦/– |
| | ૦૮/૦૫/૨૦૧૮ | ૬૧૪ | ચાંદીનું સાકળું | ૩૦૨ ગ્રામ | રૂ. ૪,૧૨૩/– |
| | ૦૮/૦૫/૨૦૧૮ | ૬૧૪ | ચાંદીનું મંગળસુત્ર | ૯૭ ગ્રામ | રૂ. ૩,૦૧૮/– |
| | ૦૮/૦૫/૨૦૧૮ | ૬૧૪ | ચાંદીની લકકી | ૯૧ ગ્રામ | રૂ. ૨,૬૪૪/– |
| | | | જી.એસ.ટી. ટેકસ | રૂ. ૧,૩૨૨+ ૧,૩૨૨ | રૂ. ૨,૬૪૪/– |
| | | | | કુલ રકમ | રૂ. ૯૦,૭૫૮/– |
| | | | | ટોટલ કુલ રકમ | રૂપિયા ૨,૩૭,૮૬૪/– |

આમ ઉપર જણાવેલ પ્રતિવાદીઓ સોના ચાંદીના દાગીનાઓ બાકી બીલમાં લઈ ગયેલા છે. અને લઈ જતી વખતે એક મહિનામાં પુરેપુરા બીલના નાણા ચુકતા કરી દેવા માટેનો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલો તેમ છતા વાદીને આજ દિન સુધી આ બીલના બાકી નાણા ચુકવી આપેલ નથી. તેથી બાકી બીલના નાણા મેળવવા આ દાવા લાવવાની જરૂર પડી છે. તેમજ વાદી દાવાના કારણમાં જણાવેલ છે કે વાદી પાસેથી આ પ્રતિવાદીઓ ઉપર જણાવેલી તરીખોમાં સોના ચાંદીના દાગીના બાકી રકમમાં લઈ ગયેલ અને એક મહિનામાં પુરેપુરા ચુકવી દેશુ તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ પણ આજ દિન સુધી આ બીલના બાકી નાણાં ચુકવી આપેલા ન હોઈ તેમજ અમારા વકીલશ્રી મારફતે નોટીસ આપીને જાણ કરવા છતા પણ આ પ્રતિવાદીઓએ અમારા બાકી બીલના નાણાંની રકમ આપેલ ન હોવાથી આ દાવાનું કારણ નામદાર કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયુ છે. તેમજ અમો વાદી તથા પ્રતિવાદીઓ

આપ નામદાર કોર્ટની હકુમતમાં રહેતા હોય આ દાવો સાંભળવા આપ નામદાર કોર્ટેને પુરેપરો અધિકાર છે.

(૩) આ કામે પ્રતિવાદીઓને નોટીસ ઈસ્યુ કરતાં પ્રતિવાદીઓ તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલા છે. આ કામના પ્રતિવાદીઓ તરફે આંક–૧૫ થી વાદીની દાવા અરજનો લેખિત જવાબ રજુ કરી, વાદીના દાવાની તમામ હકીકતોને નકારી કાઢેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, સદર કામના વાદીએ પ્રતિવાદીઓ સામે કરેલ ઉપરોકત નંબરનો દાવો કરવાનો કોઈ હકક કે અધિકાર નથી. વાદીની સદરહુ અરજીની તમામ હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલી હોય અમોને કબુલ મંજુર નથી કે બંધનકર્તા નથી. વાદીની સદરહુ અરજી શુધ્ધ બુધ્ધીથી કરેલ ન હોય તે રદ થવાને પાત્ર છે. વાદીએ આ અરજીમાં નામદાર કોર્ટને ગેર રસ્તે દોરવાનો પ્રયત્ન કરેલ છે. તેથી પણ આ અરજી રદ થવાને પાત્ર છે. વાદીની દાવા અરજીના પેરા નં.૧ તથા ૨ અંગે તકરાર નથી. વાદીની દાવા અરજીના પેરા નં. ૩ તથા ૪ ની હકીકત ઉપજાવી કાઢી હોય તેઓને કબુલ મંજુર નથી. સદર હકીક્ત વાદી દસ્તાવેજી પુરાવાથી સાબીત કરે તેવુ અમારૂ કથન છે. વાદીની દાવા અરજીના પેરા નં.૫ માં જણાવેલ કોઈ કારણ ઉત્પન્ન થતુ ન હોય જેથી સદરવ દાવો ખર્ચ સહિત રદ કરશોજી. વાદીની દાવા અરજીના પેરા નં.૭ માં માંગેલ દાદ મેળવવા વાદી કાયદેસર હકદાર ન હોય જેથી વાદીને માંગ્યા મુજબની દાદ આપી શકાય તેમ નથી. તેથી દાવો ખર્ચ સહીત રદ કરશોજી. વાદીની દાવા અરજીના પેરા નં.૮ માં જણાવેલ જરૂર કોર્ટ ફી સ્ટેમ્પ ભરેલ ન હોય. જેથી દાવા અરજી રદ કરશોજી. સદર હકીકત એવી છે કે, સદર કામના વાદીની દુકાને અમો અવાર નવાર સોના ચાંદીની રકમો લેતા હતા અને તેના બીલ પેટેની સંપુર્ણ રકમ અમો પ્રતિવાદીઓએ ચુકવણી કરી દીધેલ છે. સદર વાદીની દુકાનેથી અમો પ્રતિવાદીઓએ તા. ૦૨/૦૨/૨૦૧૮ ના રોજ બીલ નં. ૫૮૦ થી રૂ. ૨૭,૫૫૪/– તેમજ તા.

૦૭/૦૨/૨૦૧૮ ના રોજ બીલના નં. ૫૮૨ થી રૂ. ૧૨,૭૭૨/- થી તેમજ તા. ૦૭/૦૩/૨૦૧૮ ના રોજ બીલ નં. ૫૯૧ થી રૂ. ૬૦,૧૫૨/- થી રકમો ખરીદ કરેલ અને જે અસલ બીલો વાદીએ અમો પ્રતિવાદીઓને આપેલ હોય અમારી પાસે મોજુદ છે. ઉપરોકત જણાવેલ વાદીની દુકાનેથી અમારી પુત્રીના લગ્ન પ્રસંગે રકમો ખરીદ કરેલ અને જે તે સમયે અમો પ્રતિવાદીઓને ઉપરોકત બીલોના નાણાં અનુક્રમે રૂ. ૫૦,૦૦૦/- તા. ૦૨/૦૨/૨૦૧૮ ના રોજ રકમ લેવા આવેલ ત્યારે એડવાન્સ જમા કરાવેલ અને ત્યારબાદ તા. ૦૭/૦૨/૨૦૧૮ ના રોજ બીજા રકમ બીલ નં. ૫૮૨ થી ખરીદ કરેલ અને આગળના બીલના મળી રૂ. ૩૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા) જમા કરાવેલ અને ત્યાર બાદ અમારી પુત્રીનું લગ્ન પ્રસંગ પતી જતા અમારી પાસે આવેલ ચાંદલાની રકમમાંથી રૂ. ૨૦,૦૦૦/- (વીસ હજાર પુરા) તા. ૦૯/૦૩/૨૦૧૮ ના રોજ અમો પ્રતિવાદી નં. ૨ નાઓ તેઓની દુકાને આવી ચુકતે કરી ગયેલા અને સરદ નાણાં અમો પ્રતિવાદીઓએ વાદીને ચુકવતા હતા ત્યારે તેઓની પાસે જમાની પહોંચ માંગતા અમોને જણાવેલ કે તમારા ખાતામાં જમા થઈ ગયેલ છે અને પહોંચની જરૂર નથી. જેથી અમારા વર્ષો જુના શેઠ હોય તેમની ઉપર ભરોસો રાખી અમોએ નાણાં જમા કરાવી દીધેલ અને ત્યારબાદ અમો પ્રતિવાદી નં. ૧ નાઓને અકસ્માત થતા અમોને પગે ફ્રેકચર થતા ઘરે હોય સદર કામના વાદી અમારે ઘરે વારંવાર ઉઘરાણી કરતા અમોએ જણાવેલ કે તમારા બીલના નીકળતા નાણાં આપી દીધેલ છે. પરંતુ તેઓએ આપેલ રકમનુ ૨૦% લેખે વ્યાજ બાકી છે. જેથી તમારે વ્યાજ આપવુ પડશે. તેમ કહી અમોને ધમકીઓ આપતા હોય ત્યાર પછી અમોને તા. ૧૩/૦૭/૨૦૧૮ ના રોજ રૂ. ૧૦,૦૦૦/- ગોધરાથી ઉપાડી લાવી તેઓને જમા કરાવેલ અને ત્યારબાદ હજુ તમારા રકમના પૈસા બાકી નીકળે છે. તેમ જણાવી અમારે ઘરે ઉઘરાણી આવતા અમો પ્રતિવાદીએ સદર વાદીને તા. ૦૨/૦૮/૨૦૧૮ ના રોજ

રૂ.૨૫,૦૦૦/– (શબ્દોમાં પચ્ચીસ હજાર પુરા) ચુકતે આપેલ આમ અમો પ્રતિવાદીઓએ અમારી પુત્રીના લગ્ન પ્રસંગે વાદીની દુકાનેથી ઉપરોક્ત જણાવેલ બીલોના નાણાં ઉપરાંત વ્યાજ સહિત રૂ. ૧,૩૫,૦૦૦/– (એક લાખ પાત્રીસ હજાર પુરા) જેટલી માતબાર રકમ ચુકવી આપેલ હોવા છતાં હાલના દાવાની ખોટી હકીકત ઉપજાવી કાઢી અમારી સામે ખોટો દાવોવ કરેલ છે. જેથી તે રદ કરશોજી. વાદીની દાવા અરજીના પેરા નં. ૩ માં જણાવેલ બીલો બાબતની હકીકત જણાવે છે. તે તદ્દન ખોટી છે. સદર બીલમાં જણાવેલ રકમો અમો પ્રતિવાદીઓએ વાદી પાસેથી ખરીદ કરેલ નથી કે જે બાબતનું બીલ પણ અમોને આપેલ નથી અને અમો પ્રતિવાદીઓના નામના ખોટા બીલો ઉભા કરી હાલનો દાવો કરેલ છે. જેથી ખર્ચ સહિત રદ કરશોજી. અમો પ્રતિવાદીઓએ વાદીની દુકાનેથી અમારી પુત્રીના લગ્ન પ્રસંગે લીધેલ રકમના બીલો તેમજ અમોએ વાદીને બીલના નીકળતા નાણાં ટુકડે ટુકડે વ્યાજ સહિત ચુકવી આપેલાની નોંધ અમારી પાસે મોજુદ છે. જે અમો પુરાવાના સમયે રજુ કરીશુ. જે નામદાર કોર્ટને જાહેર કરીએ છીએ. અમો પ્રતિવાદીઓને વાદીની દાવા અરજીમાં જણાવેલ લેણા નાણાં ચુકવવાના થતા નથી. તેમજ અમારી સામે ખોટા બીલો રજુ કરી હાલનો દાવો કરેલ છે. જેથી તે ખર્ચ સહીત રદ કરશોજી. વાદીની દાવા અરજીના પેરા નં. ૯ થી ૧૨ ફોરમલ હોય તેનો જવાબ આપતા નથી. આ સાથે અમો પ્રતિવાદીઓ તરફે દસ્તાવેજનું લીસ્ટ સામેલ છે. ઉપરોકત હકીકત તથા કારણોને ધ્યાનમાં લઈ સદર વાદીએ અમો પ્રતિવાદીઓ સામે કરેલ ઉપરોકત મચકુર નંબરનો દાવો ખર્ચ સહીત રદ કરવા અરજ ગુજારેલ છે.

(૪) આ કામે વાદીએ પ્રતિવાદીના જવાબ સામે આંક–૧૭ થી રી–જોઈન્ડર આપેલ છે જેમાં પ્રતિવાદીના જવાબની હકીકતો નકારેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, હું આ કામના વાદી છું. અમોએ હાલનો દાવો પ્રતિવાદીઓ સામે અમારા બાકી બીલના નાણાં

રૂ. ૨,૩૭,૮૬૪/– પુરા મેળાવા માટેનો નામદાર કોર્ટમાં દાવો દાખલ કરેલ છે. સદર કામે દાવાની નોટીસ બજતા પ્રતિવાદીઓ નામદાર કોર્ટમાં હાજર થઈને વાદીની દાવા અરજી સામે જવાબ રજુ કરેલો છે. તે પ્રતિવાદીઓનો લેખિત જવાબ તદ્દન ખોટો અને ખોટી હકીકતો જોડીને રજુ કરેલ છે અને સદર કામના પ્રતિવાદીઓ અમોને જે રકમ ભરપાઈ કર્યાનું તેમના જવાબમાં બતાવે છે તે બીલ નં. ૫૮૦, તા. ૦૧/૦૨/૨૦૧૮ ના રોજ રૂ. ૨૭,૫૫૪/–, તથા બીલ નં. ૫૮૨ તા. ૦૭/૦૨/૨૦૧૮ ના રોજ રૂ. ૧૨,૭૭૨/– તેમજ બીલ નં. ૫૯૧ તા. ૦૭/૦૩/૨૦૧૮ ના રોજ રૂ. ૬૦,૧૫૨/– જે બતાવે છે. તેમના બે બીલો નં. ૫૮૦ તથા ૫૯૧ પ્રતિવાદી નં. ૧ રમણભાઈ નાથુભાઈ લુહારના હાથના હતા તથા બીલ નં.૫૮૨ શાન્તાબેન રમણભાઈ લુહારના હાથનું છે. જે બીલોની રકમ રૂ. ૧,૦૦,૪૭૮/– પુરા કરી દીધાનું જણાવે છે. તે બીલોની રકમ અંગે અમોને કોઈ તકરાર નથી. તે બીલો જુના બીલો હતા અને તેની રકમ અમોને મળી ગયેલ છે. શાન્તાબેન તથા રમણભાઈ મારી પાસેથી છુટક છુટક હાથ ઉછીના રૂ. ૪૭,૬૫૦/– લઈ ગયા હતા. તેમાંથી તા. ૧૩/૦૭/૨૦૧૮ ના રોજ રૂ. ૧૦,૦૦૦/– તથા તા. ૦૨/૦૮/૨૦૧૮ ના રોજ રૂ. ૨૫,૦૦૦/– આપ્યા હતા. હવે મારે હાથ ઉછીના રૂ. ૧૨,૬૫૦/–લેવાના નિકળે છે. તા. ૦૨/૦૨/૨૦૧૮ ના રોજ રૂ. ૫૦,૦૦૦/– ની રકમ આપેલ નથી. અમો દર માસે જી.એસ.ટી. રીર્ટન ભરીએ છીએ. તેથી હાલના બીલો ઉપજાવી કાઢવાનો કોઈ સવાલ રહેતો નથી. અમો કોર્ટની અંદર રોજમેળ, ખાતાવહી તથા પરચેસ રજીસ્ટર પુરાવાની અંદર જરૂર પડેથી રજુ કરવા ખુશી છીએ. કોઈ પણ પાર્ટી બાકી બીલના પૈસા જમા કરવા આવે ત્યારે બીલ ના લાવે તો અમો અમારી બીલની ઓ.સી. કોપીમાં રકમ જમા કરીએ છીએ. કોર્ટ સ્ટેમ્પ ભરેલ છે. બાકી બીલની રકમ ઉપર કોઈ પણ વ્યાજ લેતાં નથી. આમ પ્રતિવાદીઓ પાસે અમારે ઉપરોકત જણાવ્યા મુજબના બીલોની રકમ

પુરેપુરી રૂ. ૨,૩૭,૮૬૪/- મેળવવા માટે નામદાર કોર્ટમાં અમોએ દાવો દાખલ કરેલ છે અને અમો પ્રતિવાદીઓના જવાબમાં જણાવેલ પેરા નં. ૫ ની હકીકત સિવાયની તમામ હકીકતો નામદાર કોર્ટમાં ખોટી જાહેર કરેલી હોય તે તમામનો ઈનકાર કરીએ છીએ. ઉપર મુજબની હકીકત મારા જાણવા મુજબ સાચી અને ખરી છે.

(૫) આ કામે વાદીએ તેઓના દાવાના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**॥ મૌખિક પુરાવો ॥**

| ક્રમ | આંક | સાહેદનુ નામ |
|---|---|---|
| ૧ | ૩૧ | વાદી વિપીનચંદ્ર જયંતીલાલ સોનીનું સી.પી.સી.ઓર્ડર-૧૮, રૂલ-૪ મુજબનું સરતપાસનું સોગંદનામું |

**॥ દસ્તાવેજી પુરાવો ॥**

| ક્રમ | આંક | દસ્તાવેજનુ વર્ણન |
|---|---|---|
| ૧ | ૫૭ | બીલ નં. ૬૦૫ ની ઓફીસ કોપીની અસલ નકલ |
| ૨ | ૫૮ | બીલ નં. ૬૦૬ ની ઓફીસ કોપીની અસલ નકલ |
| ૩ | ૫૯ | બીલ નં. ૬૦૭ ની ઓફીસ કોપીની અસલ નકલ |
| ૪ | ૬૦ | બીલ નં. ૬૧૨ ની ઓફીસ કોપીની અસલ નકલ |
| ૫ | ૬૧ | બીલ નં. ૬૧૪ ની ઓફીસ કોપીની અસલ નકલ |
| ૬ | ૬૪ | બીલ નં. ૬૦૫ ની ઓફીસ કોપીની ઝેરોક્ષ નકલ |
| ૭ | ૬૫ | બીલ નં. ૬૦૬ ની ઓફીસ કોપીની ઝેરોક્ષ નકલ |
| ૮ | ૬૬ | બીલ નં. ૬૦૭ ની ઓફીસ કોપીની ઝેરોક્ષ નકલ |
| ૯ | ૬૭ | બીલ નં. ૬૧૨ ની ઓફીસ કોપીની ઝેરોક્ષ નકલ |
| ૧૦ | ૬૮ | બીલ નં. ૬૧૪ ની ઓફીસ કોપીની ઝેરોક્ષ નકલ |

ત્યારબાદ આ કામના વાદી તરફે આંક–૪૬ તથા આંક–૬૨ થી વિશેષ પુરાવો રજુ કરવા માંગતા ન હોવા બાબતની કલોઝીંગ પુરસીસ આપી જાહેર કરેલ છે.

(૬) આ કામે પ્રતિવાદીએ તેઓના દાવાના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**॥ દસ્તાવેજી પુરાવો ॥**

| ક્રમ | આંક | દસ્તાવેજનુ વર્ણન |
|---|---|---|
| ૧ | ૩૯ | વાદીએ પ્રતિવાદીને તા. ૦૨/૦૨/૨૦૧૮ ના રોજ આપેલ બીલ નં. ૫૮૦ ની અસલ નકલ |
| ૨ | ૪૦ | વાદીએ પ્રતિવાદીને તા. ૦૭/૦૨/૨૦૧૮ ના રોજ આપેલ બીલ નં. ૫૮૨ ની અસલ નકલ |
| ૩ | ૪૧ | વાદીએ પ્રતિવાદીને તા. ૦૭/૦૩/૨૦૧૮ ના રોજ આપેલ બીલ નં. ૫૯૧ ની અસલ નકલ |

ત્યારબાદ આ કામના પ્રતિવાદી તરફે આંક–૪૯ વિશેષ પુરાવો રજુ કરવા માંગતા ન હોવા બાબતની કલોઝીંગ પુરસીસ આપી જાહેર કરેલ છે. કલોજીંગ આપેલ નથી.

(૭) ત્યારબાદ વધુમાં આ કામે વાદીએ તેઓની દાવા અરજી મુજબની દલીલ કરેલ છે તથા પ્રતિવાદીએ પણ તેઓના દાવા જવાબ મુજબ દલીલ કરેલ છે.વધુમાં ઉભયપક્ષે કરેલ દલીલોની ચર્ચા પુરાવાના મુલ્યાંકન સમયે યોગ્ય તે જગ્યાએ કરવામાં આવેલ છે. જેથી પુનરાવર્તનનો દોષ ટાળવા માટે આ તબકકે તેની ચર્ચા અત્રે કરવામાં આવતી નથી.

(૮) દાવા અરજી, જવાબ વિગેરે વંચાણે લઈ મારા પુરોગામી વિ.ન્યાયાધિશશ્રી દ્વારા આંક–૧૮ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

**-:: મુદ્દા ::-**

(૧) શું વાદી પુરવાર કરે છે કે તેઓએ પ્રતિવાદીને અલગ અલગ તારીખમાં અલગ અલગ બીલથી રૂ. ૨,૩૭,૮૬૪/- ના સોના ચાંદીના દાગીના વેચાણથી આપેલા?

(૨) શું વાદી પુરવાર કરે છે કે પ્રતિવાદીએ આજદીન સુધી બિલના નાણાં વાદીને ચુકવેલ નથી?

(૩) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે તેઓએ વાદીને બીલની તમામ રકમ તથા વ્યાજ સહિત કુલ રૂ. ૧,૩૫,૦૦૦/- જેટલી રકમ ચુકવી દીધેલ છે?

(૪) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૫) શું હુકમ તથા હુકમનામુ?

(૯) ઉપરોક્ત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) નકારમાં,

(૩) હકારમાં,

(૪) નકારમાં,

(૫) આખરી હુકમ મુજબ.

॥ કા ર ણો ॥

**(૧૦) આ કામે પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલાં ઉભય પક્ષકાર તર્ફે રેકર્ડ પર આવેલ મૌખિક પુરાવાઓ ધ્યાને લેવા જરુરી જણાતા હોય તે નીચે મુજબ છે.**

વાદી તર્ફે રજુ થયેલ મૌખિક પુરાવાઓઃ-

(૧૦.૧) આ કામે વાદી વિપીનચંદ્ર જયંતીલાલ સોનીએ આંક–૩૧ થી સોગંદ ઉપરની સરતપાસ રજુ કરેલ છે જેમાં વાદીએ તેમની દાવા અરજીની હકીકતોને દોહરાવેલ હોઈ પુનરાવર્તન ટાળવાના હેતુથી બીનજરૂરી ચર્ચા કરેલ નથી. વાદીની આ કામના પ્રતિવાદીઓના વિ.વકીલશ્રી દ્ધારા ઉલટતપાસ લેવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં વાદીએ તેમાં જણાવેલ છે કે એ વાત ખરી છે કે હું સુથારવાડા મુકામે શ્રીજી જવેલર્સના નામથી દુકાન ચલાવુ છુ. હુ છેલ્લા ૧૨ વર્ષથી આ દુકાન ચલાવુ છુ. એ વાત ખરી છે કે શ્રીજી જવેલર્સના નામની મારી દુકાનની નોંધણી દેવગઢ બારીઆ નગર પાલિકામાં પણ થયેલી છે. એ વાત ખરી છે કે હું મારી દુકાને સોના ચાંદીના દાગીના પોતે પણ બનાવુ છું અને તૈયાર લાવીને પણ વેચુ છુ. એ વાત ખરી છે કે પ્રતિવાદી રમણભાઈ નાથુભાઈ મારા ગ્રાહક હતા. સાહેદ જણાવે છે કે દસ વર્ષથી ગ્રાહક હતા. એ વાત ખરી છે કે પ્રતિવાદી નં. શાંતાબેન તે પ્રતિવાદી નં. ૧ ની પત્ની થાય છે. એ વાત ખરી છે કે હાલના પ્રતિવાદીઓ સિવાય બીજા ઘણાં બધા ગ્રાહકો મારી દુકાને માલ લેવા અને વેચવા માટે આવે છે. એ વાત ખરી છે કે મારા કાયમી ગ્રાહકો માલ લઈ જાય અને ત્યારબાદ તેમના વાયદા મુજબ પૈસા પણ ચુકવી આપે છે. એ વાત ખરી છે કે કોઈ ગ્રાહક મારી દુકાનમાંથી ઉધાર માલ લઈ જાય તે બાબતનુ હું ખાતાવહી નિભાવુ છુ. એ વાત ખરી છે કે ઉધાર લેનાર ગ્રાહક માલના પૈસા ચુકવી આપે ત્યારે તેની નોંધ ખાતાવહીમાં કરવામાં આવે છે. એ વાત ખરી છે કે મારી દુકાનની નોંધણી જી.એસ.ટી. અને સી.એસ.ટી.માં થયેલી છે. જી.એસ.ટી. ૧.૫% અને સી.એસ.ટી. ૧.૫% કુલ – ૩% બીલ ઉપર લગાડવામાં આવે છે. હું માસીક રીતે જી.એસ.ટી. અને સી.એસ.ટી. ભરૂ છુ. એ વાત ખરી છે કે જયારે જી.એસ.ટી. અને સી.એસ.ટી.ની રીટર્ન ભરીએ ત્યારે બીલની રકમ રીટર્નમાં બતાવવી પડે. પ્રતિવાદી પાસેથી લેણી નીકળતી દાવાની રકમ મે જી.એસ.ટી. અને સી.એસ.ટી. રીટર્નમાં બતાવેલી છે. એ વાત ખરી છે કે

પ્રતિવાદીઓએ તા. ૦૨/૦૨/૨૦૧૮ ના બીલ નં. ૫૮૦ થી માલ ખરીદેલો અને તે અંગેનું મે પ્રતિવાદીઓને બીલ આપેલ હતું. આજરોજ મને નિ. ૩૮/૧ વાળું એક અસલ બીલ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તે તે જ બીલ છે જેમાં મારી સહી છે. જેને હુ ઓળખુ છુ જે બીલને રજુ દાખલ આંક ૩૯ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે પ્રતિવાદીઓએ તા. ૦૭/૦૨/૨૦૧૮ ના બીલ નં. ૫૮૨ થી માલ ખરીદેલો અને તે અંગેનું મે પ્રતિવાદીઓને બીલ આપેલ હતુ. આજરોજ મને નિ. ૩૮/૨ વાળુ એક અસલ બીલ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તે તે જ બીલ છે જેમાં મારી સહી છે. જેને હુ ઓળખુ છુ. જે બીલને રજુ દાખલ આંક ૪૦ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે પ્રતિવાદીઓએ તા. ૦૭/૦૩/૨૦૧૮ ના બીલ નં. ૫૯૧ થી માલ ખરીદેલો અને તે અંગેનું મે પ્રતિવાદીઓને બીલ આપેલ હતુ. આજરોજ મને નિ. ૩૮/૩ વાળું એક અસલ બીલ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તે તે જ બીલ છે જેમાં મારી સહી છે. જેને હુ ઓળખુ છુ. જે બીલને રજુ દાખલ આંક ૪૧ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે આંક–૩૯, ૪૦, ૪૧ વાળા ત્રણેય બીલો મે મારી બીલ બુક નં. ૬ માંથી આપેલ હતા. એ વાત ખરી નથી કે કોઈ પણ ગ્રાહક ઉધાર માલ લઈ જાય તો તેના આગળના બીલની રકમ ચુકવી આપે તો ફરીથી તેને ઉધાર માલ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે અમે પોતે કોઈ પણ વેપારી પાસેથી ઉધારીમાં કે રોકડમાં કોઈ માલીની કરીએ ત્યારે તેની નોંધ ખાતાવહીમાં કરીએ છીએ. એ વાત ખરી નથી કે અમે વેપારીને અગાઉના ઉધાર માલનુ પેમેન્ટ કરીએ ત્યારે નવો ઉધાર માલ આપે છે. એ વાત ખરી નથી કે સોના ચાંદીના ધંધા સિવાય હું ધિરાણનું પણ કામ કરૂ છુ. એ વાત ખરી છે કે અમુક વખતે કોઈ ગ્રાહક આવે ત્યારે ખરીદી વખતે એડવાન્સ રકમ પણ જમા કરાવતા હોય છે. એ વાત ખરી છે કે અમારી દુકાને કોઈ ગ્રાહક ઉધારમાં માલ ખરીદવા આવે અને તેની પાસે ચેકબુક હોય તો અમો સિકયોરીટી પેટે તેની પાસેથી ચેક લઈએ

છીએ. એ વાત ખરી છે કે દેવગઢ બારીયા કોર્ટમાં અમોએ એક બાબતની ફરિયાદો કરેલી છે. એ વાત ખરી નથી કે આ કામના પ્રતિવાદીઓ તા. ૦૨/૦૨/૨૦૧૮ ના રોજ તેની પુત્રીના લગ્ન માટે જ્યારે મારી દુકાન ઉપર દાગીના ખરીદવા આવેલા ત્યારે રૂ. ૫૦,૦૦૦/– મને બિલ પેટે આપેલા. એ વાત ખરી નથી કે ઉપર જણાવેલ આંક ૩૯, ૪૦ વાળા ત્રણેય બિલો પૈકીની બાકી નિકળતી રકમની ચુકવણી માટે પ્રતિવાદીઓએ અમોને વ્યાજ સહિત રૂ. ૧,૩૫,૦૦૦/–પુરેપુરા ચુકવી આપેલા. એ વાત ખરી છે કે પ્રતિવાદી મારી દુકાનેથી જે માલ સામાન લઈ ગયેલા તે અંગેની મે ખાતાવહીમાં નોંધ કરેલી. એ વાત ખરી છે કે આંક ૩૯, ૪૦, ૪૧ વાળા જે બીલો રજુ થયેલા છે તેની નોંધ મે મારા ખાતાવહીમાં આવેલ પ્રતિવાદીઓના ખાતામાં કરેલી. એ વાત ખરી છે કે હાલનો જે દાવો કરેલો છે તે અંગેના બીલોની નોંધ પણ મે મારા ખાતાવહીમાં કરેલી છે. એ વાત ખરી છે કે મે મારા ખાતાવહીની કોઈ નોંધ હાલના કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આંક ૩૯, ૪૦, ૪૧ વાળા બીલોની રકમ મને મળી ગયેલ છે. એ વાત ખરી નથી કે હાલના દાવાના કામે રજુ કરેલ બીલોની કોઈ રકમ પ્રતિવાદી પાસેથી લેવાની બાકી રહેતી નથી. એ વાત ખરી નથી કે અગાઉ પ્રતિવાદીએ મારી પાસેથી જે દાગીના લઈ ગયેલા અને તેના પૈસા મોડા આપેલા તેના વ્યાજ પેટે હાલનો ખોટો દાવો પ્રતિવાદી સામે કરેલ છે. એ વાત ખરી નથી કે અમારી દાવા અરજીમાં જણાવેલ નીકળતા નાણાં પ્રતિવાદીઓએ આપવાના રહેતા નથી. એ વાત ખરી નથી કે પ્રતિવાદીઓ સામે અગાઉના દાગીનાના બીલો ફરીથી બનાવી ખોટો દાવો કરેલ છે. એ વાત ખરી નથી કે આજરોજ હુ ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી છે કે આ કામે અમોએ બીલ બુક નં. ૭ ની આખી બીલ બુક રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે અમોએ બીલ બુકમાંથી માત્ર એના બિલોના પત્તા રજુ કરેલ છે. એ વાત ખરી છે કે જે તે સમયે આજરોજ રજુ કરેલ ઓસીના અસલ બીલો જે તે સમયે ગ્રાહકની આપી દીધેલ

છે. એ વાત ખરી છે કે અમારી પાસે જે ઓ.સી. હતી તેની ઝેરોક્ષ કોપી કાઢી અને જે તે સમયે દાવો દાખલ કરેલ. એ વાત ખરી છે કે અમોએ દાવાના કામે આંક–૩ ના લીસ્ટથી જે દસ્તાવેજ રજુ કરેલ છે તે હાલના ઓ.સી.ની આબેહુબ નકલ રજુ કરેલ છે. એ વાત ખરી છે કે નિ.૩/૨ થી બીલ નં. ૬૦૬ મા બીલ બુક નંબર ચેકચાક નીચે ૭ નંબર લખવામાં આવેલ છે જે અમોએ ઓ.સી.રજુ કરેલ બીલ નં. ૬૦૬ ની અંદર બીલ બુક નં. ૭ ચેક ચાકથી દુર આપવામા આવેલો છે. એ વાત ખરી છે કે નિ. ૩/૩ થી રજુ કરેલ બીલ નં. ૬૦૭ જે રજુ કરેલ જેમા બુક નં. ૭ ની આગળ લાલ કલરનો ડાઘ છે જે અમોએ રજુ કરેલ ઓ.સી.મા બીલ બુક નં ૬૦૭ જેમા બુક નં. ૭ આગળના ભાગે છાપેલ છે અને ડાઘો છે તે પાછળના ભાગે છે. એ વાત ખરી છે કે અમોએ જીએસટી નંબર સાથેનો સ્ટેમ્પ બનાવેલ છે. એ વાત ખરી છે કે દરેક બીલ પર તે સ્ટેમ્પ મારીએ છીએ. એ વાત ખરી છે કે અમોએ આંક ૩ ના લીસ્ટથી બીલ નં. ૬૦૬ મા જે જીએસટી સ્ટેમ્પ મારેલ છે તે અને હાલના ઓ.સી.મા રજુ કરેલ બીલ નં. ૬૦૬ મા જીએસટીનો સ્ટેમ્પ અલગ અલગ જગ્યાએ મારેલ છે. એ વાત ખરી છે કે આંક ૩ ના લીસ્ટથી રજુ બીલ નં. ૬૧૨ માં અને અમોએ બીલની ઓ.સી.મા રજુ કરેલ બીલ નં. ૬૧૨ માં જીએસટી સ્ટેમ્પ અલગ અલગ જગ્યાએ મારેલ છે. એ વાત ખરી છે કે આંક ૩ થી રજુ બીલ નં. ૬૧૪ મા અને અમોએ બીલની ઓ.સી.મા રજુ કરેલ બીલ નં. ૬૧૪ મા જીએસટી સ્ટેમ્પ અલગ અલગ મારેલ છે. એ વાત ખરી છે કે અમોએ જે બીલો રજુ કરેલા છે તે જીએસટીના કામે બતાવેલા છે. એ વાત ખરી છે કે આંક ૩ ના લીસ્ટથી બીલ નં. ૬૦૬, ૬૦૭, ૬૧૨ અને ૬૧૪ રજુ કરેલ છે જેમા પેનથી કોઈ રાઉન્ડ કરેલ નથી કે કોઈ આંકડો લખેલ નથી જયારે અમોએ રજુ કરેલ ઓ.સી.બીલ કોપીમા પેનથી રાઉન્ડ કરેલ છે અને આંકડા લખી રાઉન્ડ કરેલ છે. એ વાત ખરી છે કે આ કામે ખાતાવહી રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે અમોએ રજુ કરેલા આંક ૩ ના બીલોમાં

અંદરના ભાગે ઓરીજનલ લખેલ છે. એ વાત ખરી નથી કે આ પ્રતિવાદીએ સને ૨૦૧૮ ની સાલના બીજા અને ત્રીજા મહીનામા ખરીદેલ દાગીના પેટેના રૂપિયા વ્યાજ સહીત ચુકવી દીધેલ હોવા છતા ખોટા બીલો ઉભા કરી હાલનો આ ખોટો દાવો કરેલ છે. એ વાત ખરી છે કે અમોએ રજુ કરેલા બીલો ઉપર રમણભાઈ નાથુભાઈ લુહારનુ નામ જણાવેલ છે. એ વાત ખરી નથી કે આ પ્રતિવાદી પાસેથી કોઈ નાણાં લેવાના થતા ના હોવા છતા ખોટો દાવો કરેલ છે.

**(૧૧) પુરાવાનું મુલ્યાંકન :–**

**:: મુદ્દા નં. ૦૧ થી મુદ્દા નં. ૦૩ ની સંયુક્ત ચર્ચા ::**

**(૧) શું વાદી પુરવાર કરે છે કે તેઓએ પ્રતિવાદીને અલગ અલગ તારીખમાં અલગ અલગ બીલથી રૂ. ૨,૩૭,૮૬૪/– ના સોના ચાંદીના દાગીના વેચાણથી આપેલા?**

**(૨) શું વાદી પુરવાર કરે છે કે પ્રતિવાદીએ આજદીન સુધી બિલના નાણાં વાદીને ચુકવેલ નથી?**

**(૩) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે તેઓએ વાદીને બીલની તમામ રકમ તથા વ્યાજ સહિત કુલ રૂ. ૧,૩૫,૦૦૦/– જેટલી રકમ ચુકવી દીધેલ છે?**

વાદીના કેસની હકીકત એવી છે કે તેઓ શ્રીજી જવેલર્સના નામે સોના–ચાંદીનો વેપાર કરે છે અને પ્રતિવાદીઓ તેમના છેલ્લા ૧૦–૧૨ વર્ષથી તેઓના ગ્રાહક છે. પ્રતિવાદીઓએ તા. ૧૯/૦૪/૨૦૧૮ થી ૦૮/૦૫/૨૦૧૮ દરમિયાન બિલ નં. ૬૦૫, ૬૦૬, ૬૦૭, ૬૧૨, અને ૬૧૪ મુજબ કુલ રૂ. ૨,૩૭,૮૬૪/– ના સોના–ચાંદીના દાગીના ઉધારમાં ખરીદેલા હતા અને એક મહિનામાં બિલ ભરી જવાનો વિશ્વાસ આપ્યો હતો. વધુમાં, વાદીએ રી–જોઈન્ડરમાં જણાવ્યું છે કે

પ્રતિવાદીઓ બચાવમાં જે જૂના બિલો નં. ૫૮૦, ૫૮૨ અને ૫૯૧ નો ઉલ્લેખ કરે છે તે રકમ વાદીને મળી ગયેલ છે, પરંતુ તે સિવાય પ્રતિવાદીઓએ હાથ ઉછીના રૂ. ૪૭,૬૫૦/– લીધેલા જેમાંથી અમુક રકમ પરત આવતાં હવે રૂ. ૧૨,૬૫૦/– લેવાના નીકળે છે.

પ્રતિવાદીઓએ દાવાની તમામ હકીકતોનો સ્પષ્ટ ઇનકાર કરી બચાવ લીધો છે કે દાવામાં દર્શાવેલા બિલોના કોઈ દાગીના તેઓએ ખરીદેલ નથી અને બિલો ઉપજાવી કાઢેલ છે. પ્રતિવાદીઓના જણાવ્યા મુજબ, તેઓએ તેમની પુત્રીના લગ્ન પ્રસંગે અગાઉ તા. ૦૨/૦૨/૨૦૧૮, ૦૭/૦૨/૨૦૧૮ અને ૦૭/૦૩/૨૦૧૮ ના રોજ બિલ નં. ૫૮૦, ૫૮૨ અને ૫૯૧ થી માલ ખરીદેલ હતો, જેના નાણાં ટુકડે–ટુકડે વાદી દ્વારા માંગવામાં આવેલ ૨૦% વ્યાજ સહિત કુલ રૂ. ૧,૩૫,૦૦૦/– વાદીને ચૂકવી દીધેલ છે. નાણાં ચૂકવતી વખતે વાદીએ વિશ્વાસમાં લઈ પહોંચ આપી ન હતી અને ત્યારબાદ વધુ નાણાં કઢાવવા માટે વર્તમાન દાવાના ખોટા બિલો ઊભા કરેલ છે.

વાદી વિપીનચંદ્ર જયંતીલાલ સોની નાઓની આંક ૩૧ વાળી જુબાની વંચાણે લેતા તેઓ એ હકીકત સ્પષ્ટ કબૂલે છે કે , તેઓ ઉધાર માલ લઈ જનાર ગ્રાહકોની ખાતાવહી નિભાવે છે અને ગ્રાહક માલના પૈસા ચૂકવી આપે ત્યારે તેની નોંધ પણ ખાતાવહીમાં કરવામાં આવે છે. વાદીએ એ હકીકત પણ કબુલેલ છે કે હાલના દાવા અંગેના બિલોની નોંધ તેમણે તેમની ખાતાવહીમાં કરેલી છે. પરંતુ તેઓએ આ કામમાં તે ખાતાવહી રજૂ કરેલ નથી. ઉપરાંત દસ્તાવેજોમાં રહેલી વિસંગતતા અંગે વાદી કબૂલે છે કે આંક – ૫૮ થી રજૂ બિલ નં. ૬૦૬ માં ૭ નંબર ચેકચાકથી લખવામાં આવેલ છે, જ્યારે કોર્ટમાં રજૂ કરેલ આંક – ૬૫ ઓફિસ કોપીની ઝેરોક્ષ માં ૭ નંબર ચેકચાકથી દૂર છે. વધુમાં, વાદીએ એ બાબતનો પણ

સ્વીકાર કર્યો છે કે આંક – ૫૮ બિલ નં. ૬૦૬ અને આંક – ૬૦ બિલ નં. ૬૧૪ ની મૂળ નકલ અને રજૂ કરેલી ઓફિસ કોપીની ઝેરોક્ષ આંક ૬૫ અને આંક ૬૭ માં જી.એસ.ટી. નો સ્ટેમ્પ અલગ–અલગ જગ્યાએ મારેલો છે અને કોર્ટમાં રજૂ કરેલી ઓફિસ કોપીમાં પેનથી રાઉન્ડ અને આંકડા લખેલ છે જે મૂળ બિલમાં નથી. આમ, એક જ બિલની મૂળ નકલ અને ઝેરોક્ષ કોપી વચ્ચે જી.એસ.ટી. ના સ્ટેમ્પની જગ્યા, બિલ બુક નંબરમાં ચેકચાક અને પેનના નિશાનોમાં જોવા મળતો તફાવત એ દર્શાવે છે કે આ બિલો શંકાસ્પદ છે અને પાછળથી તૈયાર કરવામાં આવ્યા હોવાની સંભાવના નકારી શકાય નહીં.

આ કામે સૌથી મહત્વનો પુરાવો વાદીની પોતાની ખાતાવહી છે, જેમાં આ વ્યવહારો નોંધ્યા હોવાનું વાદી પોતે સ્વીકારે છે, પરંતુ સદર ખાતાવહી કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી નથી. જ્યારે બીજી તરફ, પ્રતિવાદી દ્વારા રજૂ કરાયેલા આંક ૩૯, ૪૦ અને ૪૧ ના બિલોને વાદીએ સાચા હોવાનું સ્વીકારેલ છે અને તેના નાણાં મળી ગયેલ હોવાની પણ કબૂલાત કરેલ છે.

આ તબક્કે ભારતીય પુરાવા અધિનિયમ ની કેટલીક જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

***Section 101. Burden of proof.***

*Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist.*

*When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.*

***Section 114. Court may presume existence of certain facts.***

*The Court may presume the existence of any fact which it*

*thinks likely to have happened, regard being had to the common course of natural events, human conduct and public and private business, in their relation to the facts of the particular case.*

*Illustration (g) : That evidence which could be and is not produced would, if produced, be unfavourable to the person who withholds it.*

ઉપરોક્ત કાયદાકીય જોગવાઈઓ મુજબ, દાવાવાળી રકમનું લેણું સાબિત કરવાનો સંપૂર્ણ બોજો વાદી પર છે. પરંતુ વાદી પોતાની પાસે ઉપલબ્ધ મહત્વનો પુરાવો એટલે કે ખાતાવહી રજૂ કરવામાં નિષ્ફળ રહ્યા છે. જેથી કલમ ૧૧૪, દ્રષ્ટાંત (g) મુજબ કોર્ટ એવું એડવર્સ ઈનફરન્સ દોરે છે કે જો તે ખાતાવહી કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી હોત, તો તેમાં દર્શાવેલી વિગતો વાદીના કેસની વિરુદ્ધમાં હોત એટલે કે વાદી દ્વારા જણાવ્યા મુજબના બીલો ખાતાવહીમાં નોંધાયેલ ન હોત અથવા નોંધાયેલ હોત તો વિગત અલગ હોત. આમ, ઉપરોક્ત ચર્ચા મુજબ વાદી દાવાવાળો માલ પ્રતિવાદીને આપ્યાની હકીકત અને વાદીના નાણાં બાકી હોવાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ રહ્યા છે. જયારે, પ્રતિવાદીઓ વાદીની ઉલટતપાસમાં થયેલ કબુલાત ના આધારે સંભાવનાઓની પ્રબળતાના ધોરણે એ બચાવ પ્રસ્થાપિત કરવામાં સફળ રહ્યા છે કે અગાઉના વ્યવહારના નાણાં વ્યાજ સહિત ચૂકવાઈ ગયા હોવા છતાં આ ખોટા બિલો ઉભા કરવામાં આવ્યા છે. આમ, મુદ્દા નં. ૦૧ અને ૦૨ પરત્વેનો અત્રેની અદાલતનો નિર્ણય નકારમાં તથા મુદ્દા નં. ૦૩ પરત્વેનો અત્રેની અદાલતનો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

**:: મુદ્દા નં. ૦૪ અને મુદ્દા નં. ૦૫ ની સંયુક્ત ચર્ચાની ચર્ચા ::**

**(૪) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?**

**(૫) શું હુકમ તથા હુકમનામુ?**

ઉપરોક્ત મુદ્દા નં. ૦૧ થી ૦૩ ની કરેલ સંયુક્ત ચર્ચા લક્ષમાં લેતા, વાદી પોતાનો કેસ અને દાવાવાળી લેવડ–દેવડની હકીકત પુરવાર કરવામાં સફળ થયેલ નથી. આમ, વાદીએ પોતાનો કેસ પોતાના જ પુરાવાની મજબૂતાઈ પર સાબિત કરવો પડે પરંતુ વાદી સદર હકીકત પુરવાર કરી શકેલ ન હોય, ઓ કોઈપણ પ્રકારની દાદ મેળવવા માટે હકદાર ઠરતા નથી. જેથી મુદ્દા નં. ૦૪ પરત્વેનો અત્રેની અદાલતનો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૦૫ નો નિર્ણય આખરી હુકમ મુજબ કરવામાં આવે છે.

**<u>:: આ ખ રી હુ ક મ ::</u>**

**(૧)** વાદીનો આંક–૧ વાળો દાવો નામંજૂર કરવામાં આવે છે.

**(૨)** દાવાનો ખર્ચ પોત પોતાએ ભોગવવો.

**(૩)** હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ **આજરોજ તારીખ ૧૩/૦૮/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી સંભ**ળાવી જાહેર કર્યો.

**તારીખઃ ૧૩/૦૮/૨૦૨૬**
**સ્થળઃ દેવગઢ બારીઆ.**

**(સેતુલ રણછોડભાઈ વકીલ )**
**પ્રિન્સિપાલ સિવિલ જજ,**
**દેવગઢ બારીઆ**
**જજીસ કોડ નં. જીજે–૦૧૫૩૭**

**S.R.Vakil**
**PCJ, Devgadh Baria**